પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# :: જાહેરનામું ::

## :: ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંક :એસ.બી./હોટલ,લોજમાં રોકાણ કરનાર વિદેશી નાગરીકની માહિતી અંગે / ૧૮ /૨૦૨૪.**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ અસામાજીક તત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના દેશ બહારથી આવતા આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઇ ને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

**-:: હુ ક મ ::-**

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઇપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો કોપી સહીતની લેવી.
(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વિઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.
(૩) વિદેશી નાગરિકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.
(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.
(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.
(૬) સુરત શહેરમાં કઇ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.
(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.
(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી. ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.
(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.
(૧૦) વિદેશી નાગરિકોનો મોબાઇલ નંબર રજીસ્ટરમાં નોધવાનો રહેશે.

## :: **અમલવારીનો સમય** ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૨૪/૦૧/૨૦૨૪ ના કલાક:૦૦/૦૦ થી તા.૨૩/૦૩/૨૦૨૪ ના કલાક:૨૪/૦૦ સુધી** આ હુકમનો અમલ કરવાનો રહેશે.

## :: **શિક્ષા** ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

## :: **જાહેર વિજ્ઞપ્તિ** ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઇ આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર,મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ- ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :- ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) સયુંક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક સુરત શહેર
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧,૨ તથા ક્રાઇમ, સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે/ શાખા.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર. (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી.)

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્ર માં પ્રસિધ્ધ કરવા સારૂ.)